# IIT-Gnએ 100 લોકોને સ્વરોજગારીની તાલીમ આપી

## તાલીમ બાદ IIT દ્વારા દરેક જણને સર્ટિફિકેટ્સ પણ એનાયત કરાયા

**Talk on Education**

સિટી રિપોર્ટર | અમદાવાદ

ક્વોલિટી ઓફ એજ્યુકેશન સાથે આઈઆઈટી ગાંધીનગર દ્વારા આઉટ રિસર્ચ એક્ટિવિટી દ્વારા સમાજ ઉપયોગી પ્રવૃતિઓ હાથ ધરવામાં આવે છે. આઈઆઈટીના સોશિયલ એક્ટિવિટી કરતા 'નીવ' દ્વારા સમર ટાઈમમાં વોકેશનલ સ્કિલ કોર્સ દ્વારા આઈઆઈટી પાલેજ કેમ્પસની આજુબાજુના ગામડાઓના લોકોને તાલીમ આપવામાં આવી હતી. તાલીમ બાદ આઈઆઈટી ખાતે 100 જેટલા વ્યકિતઓને સર્ટિફિકેટ ડિસ્ટ્રીબ્યુશનના પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું. આઈઆઈટી કેમ્પસની પાસે આવેલા ગામડાઓના વ્યકિતઓને 8 વીકના કોર્સમાં પલ્બિંગ, વેલ્ડિંગ જેવા કામોની તાલીમ આઈઆઈટી-જીએનના વર્કશોપમાં આપવામાં આવી હતી. આ સાથે 30 જેટલા લોકોને કોમ્પ્યુટરના બેઝિક નોલેજની તાલીમ અને 26 જેટલા લોકોને ઈંગ્લિશ સ્પિકિંગના માટેના ક્લાસ લેવામાં આવ્યા હતા. 100 જેટલા તાલીમ લેનાર લોકોને આઈઆઈટી કેમ્પસ ખાતે કોર્સના અંતે સર્ટિફિકેટ ડિસ્ટ્રીબ્યુશન દ્વારા બ્રાઈટ ફ્યુચર માટેના બ્લેસિંગ આપવામાં આવ્યા હતા.

**રોજગારીનું સ્તર ઉંચુ લાવવાનો પ્રયાસ**

આઈઆઈટી ક્વોલિટી ઓફ એજ્યુકેશન સાથે પોતાની સમાજ પ્રત્યેની જવાબદારીઓ નિભાવવા માટે સોશિયલ એક્ટિવિટી દ્વારા ગ્રામ્ય વિસ્તારમાં રોજગારીનું સ્તર ઉંચુ લાવવાના પ્રયાસો હાથ ધરે છે. આઈઆઈટીના સમર પ્રોગ્રામમાં ભાગ લેનાર લોકો તાલીમ બાદ નાના પાયે પોતાનો સ્વાયત બિઝનેસ સ્ટાર્ટ કરી શકશે.

● સૌમ્યા હરિશ, પ્રોગ્રામ કૉ-ઓર્ડિનેટર

**Title:** IITGN gives self-employment training to 100 people
**Source:** City Bhaskar (Pg. no. 02)
**Link:** http://epaper.divyabhaskar.co.in/detail/96736/06160128050488/0/map/tabs-1/2018-06-16/44/2/image/
**Date:** 16/06/2018